# ઉત્તર ભારતમાં ઠંડીની પકડ વધુ સખત થઈ : દિલ્હીમાં શીતલહેર

**દિલ્હીમાં** આ શિયાળામાં પ્રથમ વખત પારો 3 ડીગ્રીની નીચે ગયો

**હિમાચલ,** કાશ્મીર, ઉત્તરાખંડના ભાગોમાં તાપમાન શૂન્યની નીચે

**રાજસ્થાનના** કેટલાક ભાગોમાં પણ પારો ઠારબિંદુની નીચે ગયો

નવી દિલ્હી, તા. ૧૧(પીટીઆઇ): ઉત્તર ભારતમાં ફરી વળેલા તીવ્ર ઠંડીના મોજાએ રવિવારે પોતાનો પકડ વધુ મજબૂત બનાવી છે. દિલ્હીમાં આ સિઝનમાં પ્રથમ વખત પારો 3 ડિગ્રી સેલ્સિયસથી નીચે ગગડ્યો છે. ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (IMD) એ જણાવ્યું છે કે આગામી થોડા દિવસો સુધી આ કડકતી ઠંડીનો પ્રકોપ ચાલુ રહેવાની શક્યતા છે અને ઉત્તર ભારતના છૂટાછવાયા વિસ્તારોમાં ગંભીર શીત લહેરની સ્થિતિ જોવા મળી શકે છે.

હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના કેટલાક સ્થળોએ તાપમાન શૂન્ય ડિગ્રી સેલ્સિયસથી નીચે નોંધાયું છે, જ્યારે પંજાબ અને હરિયાણામાં પારો ઠાર બિંદુની નજીક રહ્યો હતો.

રાજસ્થાનના અલગ-અલગ વિસ્તારોમાં તીવ્ર કોલ્ડ વેવની સ્થિતિ રહી હતી; સ્થાનિક હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પ્રતાપગઢમાં લઘુત્તમ તાપમાન માઈનસ 2 ડિગ્રી સેલ્સિયસ જ્યારે બાડમેરમાં માઈનસ 1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પૂર્વી રાજસ્થાનમાં ગાઢથી અતિ ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું. રાજ્યના મોટાભાગના અન્ય સ્થળોએ તાપમાન 10 ડિગ્રીથી નીચે રહ્યું હતું, જેમાં જયપુરમાં લઘુત્તમ તાપમાન 9.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

દિલ્હીમાં આ સિઝનનો પ્રથમ કોલ્ડ વેવ અનુભવાયો હતો, જ્યાં કેટલાક સ્થળોએ તાપમાન 3.0 ડિગ્રી સેલ્સિયસથી પણ નીચે ગયું હતું. આયાનગર 2.9 ડિગ્રી સાથે શહેરનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું, જ્યારે પાલમ સ્ટેશને 13 વર્ષમાં સૌથી નીચું લઘુત્તમ તાપમાન 3.0 ડિગ્રી સેલ્સિયસ નોંધ્યું હતું.

## ઠંડીના કારણે નોઇડામાં ધો. 8 સુધીની શાળાઓ 15 જાન્યુઆરી સુધી બંધ

નોઇડા, 11 (પીટીઆઇ): જિલ્લા વહીવટીતંત્રે રવિવારે જણાવ્યું હતું કે, ગાઢ ધુમ્મસ અને તીવ્ર ઠંડીને કારણે ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં ધોરણ 8 સુધીની બધી શાળાઓ 15 જાન્યુઆરી સુધી બંધ રહેશે. મૂળભૂત શિક્ષણ અધિકારી રાહુલ પવાર દ્વારા જારી કરાયેલા આદેશ અનુસાર, જિલ્લા મેજિસ્ટ્રેટના નિર્દેશોનું પાલન કરીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ બંધ સીબીએસઈ, આઈસીએસઈ, આઈબી, યુપી બોર્ડ અને જિલ્લામાં કાર્યરત અન્ય બોર્ડ સાથે જોડાયેલ નર્સરીથી ધોરણ 8 સુધીની બધી શાળાઓને લાગુ પડે છે.
9 જાન્યુઆરીના રોજ આવેલા આદેશમાં જણાવાયું હતું કે, તમામ સંસ્થાઓ દ્વારા સૂચનાઓનું કડક પાલન કરવું આવશ્યક છે. મૂળભૂત શિક્ષણ અધિકારીએ ચેતવણી આપી હતી કે, નિર્ધારિત સમયગાળા દરમિયાન સ્કૂલો ખોલીને આદેશનું ઉલ્લંઘન કરતી શાળાઓ સામે નિયમો મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

# હવે ક્રિપ્ટો યુઝર્સ માટે લાઈવ સેલ્ફી, જીઓ-ટેગિંગ ફરજિયાત

**ક્રિપ્ટોકરન્સી** એક્સચેન્જ માટે કડક નવા એન્ટી-મની લોન્ડરિંગ અને કેવાયસી પ્રોટોકોલ જારી કરાયા

નવી દિલ્હી, તા. ૧૧ (પીટીઆઈ) ડિજિટલ એસેટ માર્કેટમાં ગેરકાયદે પ્રવૃત્તિઓને ખતમ કરવાના પ્રયાસરૂપે ભારતના ફાઈનાન્સિયલ ઈન્ટેલિજન્સ યુનિટ (એફઆઈયુ)એ ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ માટે કડક નવા એન્ટી-મની લોન્ડરિંગ (એએમએલ) અને નો યોર કસ્ટમર (કેવાયસી) પ્રોટોકોલ જારી કર્યા છે, જેમાં ઓનબોર્ડિંગ પ્રક્રિયા દરમિયાન ફરજિયાત લાઈવનેસ ડિટેક્શન અને ભૌગોલિક ટ્રેકિંગનો સમાવેશ થાય છે.

૮ જાન્યુઆરીના રોજ જારી કરાયેલ અને પીટીઆઈ દ્વારા ઍક્સેસ કરાયેલ અપડેટેડ માર્ગદર્શિકા, ક્રિપ્ટો એક્સચેન્જોને વર્ચ્યુઅલ ડિજિટલ એસેટ (વીડીએ) સેવા પ્રદાતાઓ તરીકે વર્ગીકૃત કરે છે જેમણે હવે ફક્ત સરળ દસ્તાવેજ અપલોડ કરવા કરતાં વધુ કરવાનું રહેશે.

નવા નિયમો હેઠળ, યૂઝર્સે સોફ્ટવેરનો ઉપયોગ કરીને 'લાઈવ સેલ્ફી' લેવી આવશ્યક છે જે તેમની હાજરી ચકાસે છે. આ પગલું સ્ટેટિક ફોટા અથવા ડીપફેકના ઉપયોગને રોકવામાં મદદ કરે છે. એક્સચેન્જોએ ચોક્કસ અક્ષાંશ અને રેખાંશ, તારીખ, ટાઈમસ્ટેમ્પ અને આઈપી સરનામું રેકોર્ડ કરવું આવશ્યક છે જ્યાંથી વપરાશકર્તા એકાઉન્ટ બનાવવાનું શરૂ કરે છે. 'પેની-ડ્રોપ' પદ્ધતિ, જેમાં બેંક ખાતું સક્રિય છે અને નોંધણીકર્તાનું છે તેની પુષ્ટિ કરવા માટે નજીવા 1 રૂપિયાના ટ્રાન્ઝેક્શનની પ્રક્રિયાનો સમાવેશ થાય છે, તે જરૂરી છે.

## પીએસએલવી-સી62 રોકેટના લોન્ચ માટે કાઉન્ટડાઉન શરૂ

શ્રીહરિકોટા, તા. ૧૧ (પીટીઆઈ) : ઈસરોએ રવિવારે પીએસએલવી રોકેટના લોન્ચ માટે ૨૨.૫ કલાકનું કાઉન્ટડાઉન શરૂ કર્યું છે, જે અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટને ૧૪ અન્ય સહ-મુસાફર ઉપગ્રહો સાથે ભ્રમણકક્ષામાં સ્થાપિત કરશે, જે અવકાશ એજન્સીનું આ વર્ષનું પ્રથમ લોન્ચ છે.

ઈસરોની વાણિજ્યિક શાખા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) દ્વારા હાથ ધરવામાં આવેલા આ ૧૪ અન્ય સહ-મુસાફર ઉપગ્રહો સ્થાનિક અને વિદેશી ગ્રાહકોના છે. ઈસરોએ જણાવ્યું હતું કે, ૨૬૦ ટન વજન ધરાવતા પીએસએલવી-સી62 રોકેટનું લોન્ચ સોમવારે સવારે ૧૦.૧૭ વાગ્યેથી બદલીને ૧૨ જાન્યુઆરીએ ૧૦.૧૮ વાગ્યે કરવામાં આવ્યું છે.

# મિસિસીપીમાં લોહીયાળ હત્યાકાંડ : યુવકે પિતા, કાકા સહિત છને ઠાર માર્યા

**એક** ચર્ચના પાદરી અને તેના ભાઇને પણ મારી નાખ્યા

**હત્યાઓ** પાછળનો હેતુ જાણી શકાયો નહીં, હત્યારો યુવક પકડાઇ ગયો

વેસ્ટ પોઈન્ટ (અમેરિકા), ૧૧ જાન્યુઆરી (એપી): મિસિસિપીના ૨૪ વર્ષીય યુવકે એક ગ્રામીણ વિસ્તારમાં આતંક મચાવીને છ લોકોની હત્યા કરી હતી - જેમાં તેના પિતા, ભાઈ, કાકા, ૭ વર્ષીય પિતરાઈ ભાઈ, ચર્ચના પાદરી અને પાદરીના ભાઈનો સમાવેશ થાય છે, તેમ સત્તાધિકારીઓએ જણાવ્યું હતું.

શુક્રવારે મધ્યરાત્રિ પહેલાં સેડરબ્લફમાં પોલીસ નાકાબંધી દરમિયાન ડેરિકા એમ. મૂરેની ધરપકડ કરવામાં આવી હતી. આ અગાઉ સ્થાનિક, રાજ્ય અને સંઘીય અધિકારીઓએ ઉત્તર-પૂર્વ મિસિસિપી વિસ્તારમાં મોટા પાયે તપાસ અભિયાન હાથ ધર્યું હતું. મૂરેને શનિવારે વેસ્ટ પોઈન્ટની ક્લે કાઉન્ટી જેલમાં જામીન વિના રાખવામાં આવ્યો હતો. સોમવારે ન્યાયાધીશ સમક્ષ તેની સંભવિત પ્રથમ હાજરી પહેલા તેના પર હત્યાના આરોપો મૂકવામાં આવ્યા છે.

ક્લે કાઉન્ટીના ડિસ્ટ્રિક્ટ એટર્ની સ્કોટ કોલોમે જણાવ્યું હતું કે તેઓ આ કેસમાં મૃત્યુદંડની માંગ કરશે. તેમણે એસોસિએટેડ પ્રેસને જણાવ્યું કે મૂરેને તે સમયે કદાચ સરકારી વકીલ આપવામાં આવશે. જો તે પહેલાં આરોપોને 'કેપિટલ મર્ડર' (ગંભીર હત્યા)માં ફેરવવામાં આવશે, તો રાજ્યના કાયદા હેઠળ મૂરે જામીન માટે અપાત્ર બનશે. ક્લે કાઉન્ટીના શેરિફ એડી સ્કોટે શનિવારે એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે પુરાવા અને સાક્ષીઓ સૂચવે છે કે મૂરે એકમાત્ર શૂટર હતો અને અન્ય કોઈ ઈજાના સમાચાર મળ્યા નથી.

## બરફીલા ઠંડા પાણીમાં જાપાનીઝનું શુદ્ધિકરણ



જાપાનના ટોક્યોમાં આવેલા ટેપ્પોઝુ ઇનારી મંદિરમાં નવા વર્ષ માટે પ્રાર્થના કરવા અને તેમના આત્માને શુદ્ધ કરવા માટે એક સમારંભ દરમિયાન બરફથી સ્નાન કરતી વખતે પ્રાર્થના કરી રહેલા સહભાગીઓ. દુષ્ટ આત્માઓને દૂર રાખવા માટે શિન્ટો ધાર્મિક વિધિઓમાં શુદ્ધિકરણ ચાવીરૂપ છે. ઉપાસકો ટ્રાફિક સલામતી, વ્યવસાય અથવા પરીક્ષામાં સફળતા અને સુરક્ષિત બાળજન્મ જેવી અન્ય વસ્તુઓની પણ ઇચ્છા રાખી શકે છે. શિન્ટો એ જાપાનનો સ્વદેશી ધર્મ છે જે સદીઓ જૂનો છે અને સંસ્કૃતિનો એક ભાગ છે. તે એક પ્રકારનો જીવવાદ છે જે જીવંત વસ્તુઓ અને પ્રકૃતિમાં રહેતા પવિત્ર આત્માઓમાં માને છે.

# પેજ 3

## સોનુ સૂદે ગુજરાતની એક ગૌશાળાને 22 લાખ રૂપિયાનું દાન કર્યું



મુંબઈ, તા. 11 : બોલીવુડ અભિનેતા સોનુ સૂદ, જેને મસીહા તરીકે ઓળખવામાં આવે છે, તેમણે ગુજરાતની એક ગૌશાળાને રૂપિયા રૂા. 22 લાખનું દાન આપ્યું છે. 10 જાન્યુઆરીના રોજ સોનુ સૂદે ગુજરાતના પાટણના સાંતલપુર તાલુકામાં વારાહી ગૌશાળાની મુલાકાત લીધી હતી. તેમણે ત્યાં ગાયોને ચારો ખવડાવ્યો અને અધિકારીઓ સાથે વાત કરી. આનો એક વીડિયો સામે આવ્યો છે. તેમની એક ઝલક જોવા માટે મોટી ભીડ એકઠી થઈ હતી. અભિનેતા સોનુ સૂદે પણ પ્રાણીઓના કલ્યાણ માટે ગ્રામજનોના સતત પ્રયાસોની પ્રશંસા કરી હતી. સોનુએ સભાને સંબોધતાં કહ્યું, ''સમગ્ર ગામ અને ગૌશાળા ટ્રસ્ટીઓનું યોગદાન પ્રશંસનીય છે. હું ફરીથી આ સ્થળની મુલાકાત લેવાનું અને તમારા ઘરે ભોજન કરવાનું પસંદ કરીશ.''

## 'ઇન્ડિયન આઇડલ 3'નો વિજેતા પ્રશાંત તમાંગ દિલ્હીમાં ઘરે મૃત હાલતમાં મળ્યો



નવી દિલ્હી, તા. 11 : 'ઇન્ડિયન આઇડલ 3'ના વિજેતા પ્રશાંત તમાંગનું અવસાન થયું છે, જેનાથી નવા વર્ષના દિવસે મનોરંજન ઉદ્યોગમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. પ્રશાંત તમાંગ તાજેતરમાં વેબ સિરીઝ 'પાતાલ લોક'ની બીજી સીઝનમાં પણ જોવા મળ્યો હતો. પ્રશાંત 11 જાન્યુઆરી, રવિવારના રોજ નવી દિલ્હી સ્થિત તેના ઘરે મૃત હાલતમાં મળી આવ્યો હતો. તે 43 વર્ષના હતો. મૃત્યુનું કારણ જાણી શકાયું નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. જોકે, સત્તાવાર પુષ્ટિ હજી બાકી છે. ફિલ્મ-નિર્માતા રાજેશ ઘટાણી અને પ્રશાંત તમાંગના મિત્ર અમિત પોલે ગાયક અને અભિનેતાના મૃત્યુની પુષ્ટિ કરી છે.

## નૂપુર સેનને ખ્રિસ્તી પરંપરા મુજબ સ્ટેબીન બેન સાથે લગ્ન કર્યાં



ઉદયપુર, તા. 11 : અભિનેત્રી ક્રિતી સેનનની બહેન નૂપુર સેનન અને સ્ટેબીન બેન હવે સત્તાવાર રીતે પતિ-પત્ની છે. આ યુગલે શનિવારે તેમના નજીકના મિત્રો અને પરિવારના સભ્યોની હાજરીમાં એક શાનદાર ખ્રિસ્તી સમારોહમાં લગ્ન કર્યાં હતાં. ઇન્સ્ટાગ્રામ પર સમારોહની તસવીરો શેર કરતાં સ્ટેબીન બેને લખ્યું, ''મેં કર્યું. હું કરું છું. હું કરીશ. હંમેશાં અને હંમેશાં માટે.'' લગ્ન પછી સાંજે એક ગ્લેમરસ કોકટેલ પાર્ટી યોજાઇ હતી. અભિનેત્રી દિશા પટણી અને મૌની રોય, જેઓ લગ્નમાં પસંદગીના મહેમાનોમાં સામેલ હતા, તેમણે ઉદયપુર સ્થળની ઝલક ઇન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર શેર કરી હતી. નૂપુર સમારોહમાં હાજરી આપતી વખતે દિવાઓ ડે ગાઉનમાં ખૂબ જ સુંદર દેખાતી હતી.

## વાયરલ ગર્લ મોનાલિસાની ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'નું પોસ્ટર રિલીઝ




દહેરાદૂન, તા. 11 : મહાકુંભની વાયરલ ગર્લ મોનાલિસા હવે મોટા પડદા પર ડેબ્યૂ કરવા માટે તૈયાર છે. તેની પહેલી ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર'નું પહેલું પોસ્ટર તાજેતરમાં રિલીઝ થયું હતું, જેનાથી ફિલ્મની ચર્ચા શરૂ થઈ ગઈ હતી. રસપ્રદ વાત એ છે કે, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ વ્યક્તિગત રીતે પોસ્ટર લોન્ચ કર્યું હતું. પોસ્ટર લોન્ચ ઇવેન્ટમાં ફિલ્મની સ્ટાર કાસ્ટ હાજર રહી હતી, જેમાં અભિનેતા અભિષેક ત્રિપાઠી, અમિત રાવ, નાગેશ મિશ્રા, કશિશ રાજપૂત, દીપક સૂથા અને વિષ્ણુ દુબેનો સમાવેશ થાય છે. સહ-નિર્માતાઓ પંજાબ સિંહ મજીઠિયા, અમિત ચૌહાણ, શ્યામજી મિશ્રા અને અન્ય ઘણા ફિલ્મ સહયોગીઓ પણ હાજર રહ્યા હતા.

## વિક્રમ ભટ્ટ કેસમાં નાણાકીય છેતરપિંડીના પુરાવા એકત્રિત કરવામાં આવ્યા



જયપુર, તા. ૧૧ (પીટીઆઇ) : ફિલ્મ-નિર્માતા વિક્રમ ભટ્ટ અને તેમની પત્ની શ્વેતાંબરી ૪૪.૭ કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના કેસમાં એક મહિનાથી વધુ સમયથી જેલમાં છે. આ કેસ ઇન્દિરા આઈવીએફ અને ફર્ટિલિટી સેન્ટરના સ્થાપક અજય મુરડિયા દ્વારા દાખલ કરાયો હતો. ફરિયાદીના વકીલે દાવો કર્યો છે કે, ફિલ્મ પ્રોજેક્ટ્સ માટે ફાળવવામાં આવેલાં નાણાંની ઉચાપત કરવા માટે નકલી બિલ અને વાઉચરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે કહ્યું હતું કે, તેઓએ પુરાવા એકઠા કર્યા છે, જેની ચકાસણી કરવામાં આવી રહી છે અને દાવો કર્યો છે કે, તેમને ભટ્ટની ટીમ તરફથી પૂરતો સહયોગ મળ્યો નથી. તપાસ અધિકારી (આઈઓ) ડીએસપી છગન રાજપુરોહિતે રવિવારે જણાવ્યું હતું કે, ''અમે મુંબઈમાં ફિલ્મ-નિર્માતાના સ્થળોએથી પુરાવા એકઠા કર્યા છે. કેટલાક બિલ પણ મળી આવ્યા છે. અમે તેમની સત્યતા ચકાસી રહ્યા છીએ. ફિલ્મ-નિર્માતાની ટીમે તપાસમાં સંપૂર્ણ સહયોગ આપ્યો ન હતો.'' ૫ જાન્યુઆરીએ રાજસ્થાન હાઈકોર્ટે આરોપીની એફઆઈઆર રદ કરવાની અરજી ફગાવી દીધી હતી.

# ગોળીબારના બનાવો પછી અમેરિકામાં ICE વિરુદ્ધ દેખાવો



**જ્યાં** એક મહિલાને ઇમિગ્રેશન અધિકારીએ મારી નાખી હતી તે મિનીએપોલીસ શહેરમાં વિશાળ રેલી નિકળી, થોડી હિંસા પણ થઇ

**ટેક્સાસ,** કેન્સાસ, ઓહાયો, ફ્લોરિડા સહિતના રાજ્યોમાં પણ સેંકડો વિરોધ પ્રદર્શનો યોજાયા

મિનીએપોલિસ (યુએસ), ૧૧ જાન્યુઆરી (એપી): મિનીએપોલિસમાં ફેડરલ ઈમિગ્રેશન ઓફિસર દ્વારા એક મહિલાની ગોળી મારીને હત્યા કરવાના વિરોધમાં અને પોર્ટલેન્ડ (ઓરેગોન) માં બે પ્રદર્શનકારીઓ પર થયેલા ગોળીબારના વિરોધમાં અહીં હજારો લોકોએ કૂચ કરી હતી. આ દરમિયાન મિનેસોટાના નેતાઓએ પ્રદર્શનકારીઓને શાંતિ જાળવવા વિનંતી કરી છે.

શનિવારે મિનીપોલિસમાં થયેલું લોકોનું આ એકઠું થવું એ દેશભરના શહેરો અને નગરોમાં આ સપ્તાહના અંતે આયોજિત સેંકડો વિરોધ પ્રદર્શનો પૈકીનું એક હતું.

બુધવારે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ના અધિકારી દ્વારા રેની ગુડની હત્યા બાદ આ શહેર તણાવમાં છે. મિનીપોલિસના રહેવાસી અને બે બાળકોની માતા મેઘન મૂરે, જેઓ શનિવારે વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા, તેમણે કહ્યું કે, અમે અત્યારે ડરના ઓથાર હેઠળ જીવી રહ્યા છીએ. ICE એવું વાતાવરણ ઉભું કરી રહ્યું છે જ્યાં કોઈ સુરક્ષિત અનુભવતું નથી અને તે અસ્વીકાર્ય છે. મિનીએપોલિસ પોલીસ ચીફ બ્રાયન ઓ'હારાએ શનિવારે જણાવ્યું હતું કે, શુક્રવારે રાત્રે એક હોટલની બહાર આશરે ૧,૦૦૦ લોકોના વિરોધ પ્રદર્શન દરમિયાન હિંસા ફાટી નીકળી હતી, જેમાં પ્રદર્શનકારીઓએ અધિકારીઓ પર બરફ અને પથ્થરો ફેંક્યા હતા. બરફનો ટુકડો વાગવાથી એક અધિકારીને સામાન્ય ઈજા થઈ હતી અને ૨૯ લોકોની અટકાયત કરીને તેમને છોડી મૂકવામાં આવ્યા હતા. મિનેસોટાના ગવર્નર ટિમ વાલ્ઝે પણ શાંતિની અપીલ કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, ટ્રમ્પે આપણા રાજ્યમાં હજારો સશસ્ત્ર ફેડરલ અધિકારીઓ મોકલ્યા અને માત્ર એક જ દિવસમાં તેઓએ કોઈની હત્યા કરી નાખી. હવે તેઓ ઈચ્છે છે કે અરાજકતા ફેલાય જેથી લોકોનું ધ્યાન તે ભયાનક કૃત્ય પરથી હટી જાય. તેમને જે જોઈએ છે તે ન આપો.

# વેનેઝુએલામાં અટકાયતીઓને મુક્ત કરવાનું કામ ધીમી ગતિએ ચાલુ

**માદુરોના** શાસન દરમ્યાન અટકાયતમાં લેવાયેલા અનેક વિપક્ષી કાર્યકરો, ચળવળકારો, પત્રકારો વગેરેને મુક્ત કરાઇ રહ્યા છે

સેન ફ્રાન્સિસ્કો ડી યારે (વેનેઝુએલા), તા.૧૧(AP): એક વર્ષ અને પાંચ મહિના સુધી વેનેઝુએલાની જેલમાં રહ્યા બાદ શનિવારે જ્યારે ડાયોજીનેસ એંગુલો મુક્ત થયો, ત્યારે તે, તેની માતા અને તેની કાકી હલબલી ઉઠ્યા હતા અને તેમની પાસે શબ્દો ખૂટી પડ્યા હતા. તેની નજીક જ, અન્ય ઓછામાં ઓછા એક ડઝન પરિવારો પણ આવા જ મિલનની આશા રાખી રહ્યા હતા. વેનેઝુએલાની સરકારે જ્યારે મોટી સંખ્યામાં કેદીઓને મુક્ત કરવાની ખાતરી આપી, ત્યારે રાજધાની કારાકાસ અને અન્ય વિસ્તારોની જેલોની બહાર પરિવારો પોતાના પ્રિયજનોને મુક્ત થતા જોવા માટે સતત ત્રીજા દિવસે એકઠા થયા હતા. આ અટકાયત કરાયેલા લોકોમાં વેનેઝુએલાના વિપક્ષી સભ્યો, કાર્યકરો, પત્રકારો અને સૈનિકોનો સમાવેશ થતો હતો, જેમને મુક્ત કરવામાં આવે તેવી પરિવારો આશા રાખી રહ્યા હતા. એંગુલોની ધરપકડ ૨૦૨૪ની પ્રમુખની ચૂંટણીના બે દિવસ પહેલા કરવામાં આવી હતી.

તેણે દિવંગત પ્રમુખ હ્યુગો ચાવેઝના વતન રાજ્ય બારીનાસમાં વિપક્ષના પ્રદર્શનનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો. તે સમયે તેની ઉંમર માત્ર ૧૭ વર્ષની હતી.મુક્ત થયાની થોડી જ મિનિટો બાદ, હવે ૧૯ વર્ષના થઈ ગયેલા એંગુલોને જાણવા મળ્યું કે ૩ જાન્યુઆરીના રોજ કારાકાસમાં રાત્રિના સમયે દરોડો પાડીને અમેરિકી દળોએ ભૂતપૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોને પકડી લીધા છે.

## ઈડી અલ ફલાહ યુનિવર્સિટી કેમ્પસને જપ્ત કરી શકે છે

નવી દિલ્હી, તા. ૧૧ (પીટીઆઈ) : લાલ કિલ્લા વિસ્તારમાં થયેલા વિસ્ફોટ પછી તપાસ એજન્સીઓની નજર હેઠળ આવેલા હરિયાણાના ફરીદાબાદમાં અલ ફલાહ યુનિવર્સિટી કેમ્પસને મની લોન્ડરિંગ વિરોધી કાયદા હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જપ્ત કરી શકે છે. એમ સત્તાવાર સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈડી તપાસ કરી રહી છે કે શું યુનિવર્સિટીના બાંધકામ માટેનું ભંડોળ ગુનાની આવકમાંથી આવ્યું હતું. અલ ફલાહ ગ્રુપના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીની નવેમ્બરમાં ઈડી દ્વારા તેમના અલ ફલાહ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી સાથે જોડાયેલા મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ફેડરલ તપાસ એજન્સીએ દાવો કર્યો હતો કે, શૈક્ષણિક સંસ્થાઓ પાસે શિક્ષણ માટે જરૂરી કાયદેસર માન્યતા નહોતી.

# I-PAC દરોડા : મમતાની દખલગીરીની સામે ઈડીની સુપ્રીમમાં અરજી

**પશ્ચિમ** બંગાળ સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં વળતી કેવિયેટ દાખલ કરી

નવી દિલ્હી, તા. ૧૧ (પીટીઆઈ) : કોલસા ચોરી કૌભાંડના સંદર્ભમાં આઈ-પીએસી કાર્યાલય અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનના પરિસરમાં તપાસ અને સર્ચ ઓપરેશનમાં પશ્ચિમ બંગાળ સરકાર, જેમાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ સામેલ છે, દ્વારા દખલગીરી અને અવરોધ ઊભો કરવાનો આરોપ લગાવતા એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે. પશ્ચિમ બંગાળ સરકારે પણ સુપ્રીમ કોર્ટમાં એક કેવિયેટ પણ દાખલ કરી છે, જેમાં માંગ કરવામાં આવી છે કે, રાજકીય સલાહકાર પેઢી આઈ-પીએસી સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના દરોડા સંદર્ભમાં તેમને સાંભળ્યા વિના કોઈ આદેશ પસાર ન કરવામાં આવે.

એક કેવિયેટ, કોઈ અરજદાર દ્વારા હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં એ સુનિશ્ચિત કરવા માટે દાખલ કરવામાં આવે છે કે, તેમને સાંભળ્યા વિના તેમના વિરુદ્ધ કોઈ પ્રતિકૂળ આદેશ પસાર ન થાય. ઈડીએ એવો પણ આરોપ લગાવ્યો છે કે, મુખ્યમંત્રી દરોડાવાળા સ્થળોએ ગઈ અને આઈ-પીએસીના પરિસરમાંથી ભૌતિક દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક ઉપકરણો સહિતના મુખ્ય પુરાવાઓ છીનવીને લઈ ગઈ અને કેસમાં તપાસમાં અવરોધ ઊભો કર્યો અને દખલગીરી કરી.

# શાંઘાઈમાં વિશ્વ હિન્દી દિવસ ઉજવાયો






**ભારતીય** કોન્સ્યુલેટ દ્વારા આ ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું

**ચીનના** પૂર્વીય પ્રદેશની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોએ ભાગ લીધો

બૈજિંગ, તા. ૧૧(પીટીઆઇ): શાંઘાઈમાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટ દ્વારા ચીનના પૂર્વીય ક્ષેત્રની ટોચની યુનિવર્સિટીઓના હિન્દી વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સહભાગિતા સાથે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

શનિવારે આ કાર્યક્રમને સંબોધતા શાંઘાઈમાં ભારતના કોન્સ્યુલ જનરલ પ્રતીક માથુરે જણાવ્યું હતું કે હિન્દી આપણને સરહદોથી પર રહીને જોડે છે. કોન્સ્યુલેટ દ્વારા X પર કરવામાં આવેલી એક પોસ્ટ મુજબ, હિન્દીની ગરિમા અને ગૌરવ પર ભાર મૂકતા તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાષ્ટ્રજોગ સંદેશ વાંચી સંભળાવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે, "હિન્દી માત્ર એક ભાષા નથી, પરંતુ એક શક્તિશાળી કડી છે જે ભારતની સંવેદનશીલતા, મૂલ્યો અને વિચારોને વિશ્વ સુધી પહોંચાડે છે." પોસ્ટમાં જણાવ્યા અનુસાર, પૂર્વીય ચીનની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ– ફુદાન યુનિવર્સિટી, શાંઘાઈ ઈન્ટરનેશનલ સ્ટડીઝ યુનિવર્સિટી અને ઈસ્ટ ચાઇના નોર્મલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પ્રેક્ષકો સાથે તેમની સર્જનાત્મક કૃતિઓ અને વિચારો શેર કર્યા હતા.

# NHAIએ નેશનલ હાઈવે નિર્માણમાં 4 ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા

**બેંગલુરુ-**કડપા-વિજયવાડા કોરિડોર પર બિટ્યુમિનસ કોંક્રીટ સતત બિછાવવાનો અને સૌથી વધુ જથ્થાને બિછાવવા સહિતના રેકોર્ડ કરાયા

નવી દિલ્હી, તા. 11 (પીટીઆઈ) : રાજ્ય માલિકીની એનએચએઆઈએ રવિવારે જણાવ્યું હતું કે, તેણે એનએચ-544જીના બની રહેલા બેંગલુરુ-કડપા-વિજયવાડા ઈકોનોમિક કોરિડોર પર ચાર ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે. 6 જાન્યુઆરીના રોજ એનએચએઆઈએ જણાવ્યું હતું કે, તેણે આંધ્ર પ્રદેશના પુટ્ટપર્થી નજીક બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા છે.

પ્રથમ રેકોર્ડ બિટ્યુમિનસ કોંક્રીટ સતત બિછાવવાનો હતો, જેમાં 24 કલાકમાં 28.89 લેન કિમી અથવા 3-લેન પહોળા 9.63 કિમી લાંબા ભાગને કવર કરવામાં આવ્યો.

બીજો રેકોર્ડ 24 કલાકમાં 10,655 મેટ્રિક ટન બિટ્યુમિનસ કોંક્રીટના સૌથી વધુ જથ્થાના સતત બિછાવવાનો હતો. એક નિવેદન અનુસાર, આ બંને રેકોર્ડ બેંગલુરુ-કડપા-વિજયવાડા ઈકોનોમિક કોરિડોર પર છ-લેન રાષ્ટ્રીય ધોરીમાર્ગ પ્રોજેક્ટ હેઠળ પ્રથમ વખત વૈશ્વિક સ્તરે સ્થાપિત થયા હતા. આ ગતિને આગળ ધપાવતાં નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) એ જણાવ્યું હતું કે, 11 જાન્યુઆરીએ વધુ બે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યા છે.